# ડિજિટલ માર્કેટિંગ નિષ્ણાત

ડિજિટલ માર્કેટિંગ નિષ્ણાત ગ્રાહકો સાથે ડિજિટલ સંપર્ક બનાવવામાં મદદ કરે છે. તેઓ સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન અને કન્ટેન્ટ માર્કેટિંગ જેવી અસરકારક ઓનલાઈન વ્યૂહરચના દ્વારા આ કામગીરી કરે છે. તેઓ ઉત્પાદન અથવા સેવાની પહોંચને વ્યાપક બનાવવામાં સહાયક બને છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓનું વેચાણ કરવું ગમે છે
- લોકોને પ્રભાવિત કરવાનો અથવા સમજાવવાનો પ્રયાસ કરવો તમને ગમે છે
- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૫,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ડિજિટલ માર્કેટિંગ અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ડિજિટલ માર્કેટિંગ અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં પૂર્ણ સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ વિષયમાં અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ડિજિટલ માર્કેટિંગ અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સંપૂર્ણ ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ડિજિટલ માર્કેટિંગ નિષ્ણાતનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૫,૦૦૦ થી ૮૩,૩૩૪* જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Digital_Marketing_Specialist/Salary/1c69686e/Digital-Markteing

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** આજના જમાનામાં તમામ પ્રકારના વ્યવસાયો ડિજિટલ માધ્યમોમાં પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માંગે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે કોઈ ઓફિસમાં કામ કરશો. તમે અઠવાડિયામાં ૪ થી ૫ કલાક કામ કરી શકો છો અને તમારા કામના કલાકો નિશ્ચિત છે. જો કે, જ્યારે કોઈ પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે હોય ત્યારે કામના કલાકો વધી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ડિજિટલ માર્કેટિંગ અથવા સોશિયલ મીડિયા મેનેજર → ડિજિટલ માર્કેટિંગ અથવા સોશિયલ મીડિયા ઈન્ચાર્જ → જનરલ મેનેજર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.એમ., અમદાવાદ
૨. આઈ.આઈ.એમ., બેંગલુરૂ
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ, રાંચી
૫. આઈ.આઈ.એમ., ઈન્દોર
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. બીયન્ત કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (બી.સી.ઈ.ટી.), ગુરદાસપુર
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જી.વી.પી., અમદાવાદ
૨. એમ.આઈ.ટી. યુનિવર્સિટી, શિલોંગ
૩. સ્કૂલ ઓફ બિઝનેસ, યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૪. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૫. જી.યુ.એન.આઈ., મહેસાણા
૬. નગીનદાસ ખંડવાલા કોલેજ, મુંબઈ
૭. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિજિટલ એજ્યુકેશન (આઈ.આઈ.ડિ.ઈ.), મુંબઈ
૮. આર.કે.યુ., રાજકોટ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=digital marketing
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઑનલાઇન ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ માર્કેટિંગ મેનેજર, સોશિયલ મીડિયા ડિજિટલ માર્કેટિંગ એક્સપર્ટ

## સાફલ્ય ગાથા

**પ્રિયા ફ્લોરેન્સ શાહ**, ડિજિટલ માર્કેટિંગ કંપની 'બોલ્ગ બ્રાન્ડસ'ના સ્થાપક અને સી.ઈ.ઓ. છે. તેણીએ બાયોકેમિસ્ટ્રીમાં સ્નાતક અને બાયોટેકનોલોજીમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે. તેણીએ પત્રકારિત્વ , વિજ્ઞાપન અને જનસંપર્કમાં ડિપ્લોમા પણ હાંસલ કરેલ છે. તેમણે કોલંબિયા બિઝનેસ સ્કૂલમાંથી ડિજિટલ માર્કેટિંગનો કોર્સ કર્યો અને ડિજિટલ વિદ્યામાંથી સોશિયલ મીડિયા સર્ટિફિકેશન (સી.એસ.એમ.એમ.પી.ટી.એમ.)કોર્ષ કરેલ છે.*

સ્રોત : https://www.priyashah.com/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.